# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic Campus, Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh, Gujarat (India)-362 263
Ph.(0)0285-2681400 / Fax : 0285-2681503
Website :http://www.bknmu.edu.in Email :cebknmu@gmail.com


**પરીપત્ર :-**

**વિષય : સ્પોર્ટસ ફી તેમજ કલ્ચરલ એક્ટીવીટી ફી વિદ્યાર્થીઓ પાસેથી ન લેવા બાબત.**

**સંદર્ભ : (૧) તા. ૧૭/૧૦/૨૦૨૦ની નોંધ પર માન. કુલપતિશ્રીની મળેલ મંજુરી.**

**(૨) તા. ૧૮/૦૯/૨૦૨૦ પરીક્ષા વિભાગના પરીપત્ર ક્રમાંક:બીકેએનએમયુ/પરીક્ષા/૭૨૬/૨૦૨૦.**

આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તેમજ બહેનોને સવિનય જણાવવાનું કે, Covid-19 મહામારી તેમજ વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઇ માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર પ્રતિ વર્ષ પ્રતિ વિદ્યાર્થી દીઠ વિદ્યાર્થીઓ પાસેથી જે સ્પોર્ટસ ફી તેમજ કલ્ચરલ એક્ટીવીટી ફી લેવામાં આવતી હતી તે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે માફ કરવાનો માનવતા ભર્યો નિર્ણય કરવામાં આવેલ છે.

નવા એનરોલમેન્ટ/ એન્લીસ્ટમેન્ટ/ પી.જી. રજીસ્ટ્રેશનમાં સ્પોર્ટસ ફી તેમજ કલ્ચરલ એક્ટીવીટી ફી બાદ કરી ડીમાન્ડ ડ્રાફટ બનાવવાનો રહેશે તેમજ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી લીધેલ સ્પોર્ટસ ફી તેમજ કલ્ચરલ એક્ટીવીટી ફી વિદ્યાર્થીઓને ફરજીયાત સમયમર્યાદામાં પરત આપવાની રહેશે જેની તમામ કોલેજે ગંભીરતાથી નોંધ લેવી તેમજ નવા એનરોલમેન્ટ/ એન્લીસ્ટમેન્ટ/ પી.જી. રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરતા સમયે ફી પરત આપેલ છે તેની બાહેંધરી કોલેજના લેટરપેડ ઉપર અલગથી આપવાની રહેશે.

**પરીક્ષા નિયામક**

નં :- બીકેએનએમયુ/પરીક્ષા/૭૩૬/૨૦૨૦
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડિયા, જુનાગઢ-૩૬૨૨૬૩
તા. ૧૭/૧૦/૨૦૨૦

**પ્રતિ,**

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ પી.જી. સેન્ટરનાં વડાઓ તરફ...

**નકલ સવિનય રવાના:-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ થવા અર્થે)
(૩) હિસાબી શાખા.